# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા.૧૯.૦૧.૨૦૧૮

-------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં સતત બીજા દિવસે આજે પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ભાજપા ગુજરાત પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઇ**

-------------------

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની યાદી જણાવે છે કે, સતત બીજા દિવસે આજે પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં ભાજપા ગુજરાત પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઇ હતી. આજની આ બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, કેન્દ્રિય મંત્રીશ્રી પરષોત્તમભાઇ રૂપાલા, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સહિતના પાર્લામેન્ટ્રી બોર્ડના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

આગામી ફેબ્રુઆરી મહિનામાં યોજાનાર **૦૨** જીલ્લા પંચાયતની **૧૧૦** બેઠકો, **૧૭** તાલુકા પંચાયતની **૪૩૬** બેઠકો અને **૭૫** નગરપાલિકાની **૨૧૧૬** બેઠકો આમ, કુલ મળીને **૨૬૬૨** બેઠકો પર ભાજપાના ઉમેદવારોની પસંદગી માટે ગઇકાલે તારીખ ૧૮, આજરોજ અને આવતીકાલે તારીખ ૨૦ જાન્યુઆરી સુધી પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકો યોજાશે.

| તારીખ | ક્રમ | જીલ્લાનું નામ | ન.પા./ તા.પં/જી.પં | ન. પા. વોર્ડ | બેઠકો |
|---|---|---|---|---|---|
| **૧૯.૦૧.૨૦૧૮ શુક્રવાર** | ૧ | આણંદ | ૦૫ | ૩૧ | ૧૨૪ |
| | ૨ | પંચમહાલ | ૦૨ | ૧૬ | ૬૪ |
| | ૩ | મહીસાગર | ૦૩ | ૨૦ | ૮૦ |
| | ૪ | વલસાડ | ૦૩ | ૨૪ | ૯૬ |
| | ૫ | નવસારી | ૦૨ | ૧૮ | ૭૨ |
| | ૬ | તાપી | ૦૧ | ૭ | ૨૮ |
| | ૭ | બનાસકાંઠા | ૦૨ | ૧૪ | ૫૬ |
| | | બ.કા. તા.પં | ૧૪ | | ૩૫૦ |
| | | બ.કા. જી.પં. | | | ૬૬ |
| | ૮ | અમદાવાદ | ૦૩ | ૨૧ | ૬૪ |
| | ૯ | સાબરકાંઠા | ૦૪ | ૨૬ | ૧૦૪ |
| | ૧૦ | ગાંધીનગર | ૦૧ | ૭ | ૨૮ |
| | | ગાંધીનગર તા.પં. | ૦૧ | | ૩૬ |

//૨//

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



આજની બેઠકમાં આણંદ જીલ્લાની **૦૫** નગરપાલિકા માટે **૧૨૪** બેઠકો, પંચમહાલ જીલ્લાની **૦૨** નગરપાલિકા માટે **૬૪** બેઠકો, મહિસાગર જીલ્લાની **૦૩** નગરપાલિકા માટે **૮૦** બેઠકો, વલસાડ જીલ્લાની **૦૩** નગરપાલિકા માટે **૯૬** બેઠકો, નવસારી જીલ્લાની **૦૨** નગરપાલિકા માટે **૭૨** બેઠકો, તાપી જીલ્લાની **૦૧** નગરપાલિકા માટે **૨૮** બેઠકો, બનાસકાંઠા જીલ્લાની **૦૨** નગરપાલિકા માટે **૨૪** બેઠકો, અમદાવાદ જીલ્લાની **૦૩** નગરપાલિકા માટે **૬૪** બેઠકો, સાબરકાંઠા જીલ્લાની **૦૪** નગરપાલિકા માટે **૧૦૪** બેઠકો અને ગાંધીનગર જીલ્લાની **૦૧** નગરપાલિકા માટે **૨૮** બેઠકો આમ, કુલ મળીને **૧૦** જીલ્લાની **૨૬** નગરપાલિકા માટે **૭૧૬** બેઠકો પર ઉમેદવારની પસંદગીની પ્રક્રિયા આજરોજ હાથ ધરાઇ હતી.

બનાસકાંઠા જીલ્લાની **૧૪** તાલુકા પંચાયત માટે **૩૫૦** બેઠકો અને ગાંધીનગર જીલ્લાની **૦૧** તાલુકા પંચાયત માટે **૩૬** બેઠકો પર પણ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઇ હતી. ખેડા જીલ્લા તેમજ બનાસકાંઠા જીલ્લા પંચાયતની ચૂંટણીઓ પણ આ સાથે યોજાનાર છે તે પૈકી બનાસકાંઠા જીલ્લા પંચાયત માટે **૬૬** બેઠકો પર પણ ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા આજરોજ હાથ ધરાઇ હતી. આમ, **૨૬** નગરપાલિકા, **૧૫** તાલુકા પંચાયત અને **૦૧** જીલ્લા પંચાયત માટે કુલ **૧૧૬૮** બેઠકો પર ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા આજે હાથ ધરાઇ હતી.

આવતી કાલે તારીખ ૨૦મી જાન્યુઆરીના રોજ પણ તબક્કાવાર બેઠકો યોજાશે અને ચૂંટણીઓને લગતી ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરાશે. આ અગાઉ ભાજપા સંગઠને જે વિસ્તારોમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યાં, "ઘર-ઘર ચલો અભિયાન" થકી તારીખ ૧૬-૧૭-૧૮ જાન્યુઆરીના રોજ જનસંપર્ક પૂર્ણ કરેલ છે. દરેક જગ્યાએ ભાજપાને અથાગ પ્રેમ અને આવકાર મળેલ છે. આવનારી ચૂંટણીઓમાં ભાજપા ચોક્કસ પણે ખૂબ જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કરશે અને સ્થાનિક એકમે સેવાયજ્ઞમાં સહભાગી થઇ જનતા જનાર્દનની સેવા થકી વિકાસયાત્રાને અવિરતપણે આગળ વધારશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ